a. Members holding shares in physical mode, who have not registered/updated their e-mail address with the Company, are requested to register/update their e-mail address by submitting Form ISR-1 duly filed and signed along with requisite supporting documents to the Company/Registrar and Transfer Agent i.e. MUFG Intime India Private Limited (Formerly Link Intime India Private Limited) at ABC-1, 506 to 508, Amarnath Business Centre, Corner, beside Gala Business Centre, nr. St. Xavier's College Parking, Sardar Patel Nagar, Ellisbridge, Ahmedabad, Gujarat 380006.
b. Members holding shares in dematerialized mode, who have not registered/updated their e-mail address are requested to register/update their e-mail address with Depository Participant(s) where they maintain their demat accounts.

By Order of the Board
For Prabha Energy Limited
Sd/-
Date : 10/07/2025 **Nikita Agarwalla**
Place : Ahmedabad Company Secretary and Compliance Officer

सेन्ट्रल बेंक ऑफ ईन्डिया
सेन्ट्रल बैंक ओफ इन्डिया
Central Bank of India
CENTRAL TO YOU SINCE 1911

REGIONAL OFFICE: 1st Floor, City Telephone Exchange, BSNL Bhavan, Nr. Kuber Bhavan, Jail Road, Baroda-390 001

E- AUCTION SALE NOTICE
"APPENDIX- IV-A"
(See Proviso to rule 8(6))

SALE NOTICE FOR SALE OF IMMOVABLE PROPERTIES ON 31.07.2025

E-Auction Sale Notice for sale of Immovable Assets under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 read with proviso to Rule 8 (6) of the Security Interest (Enforcement) Rules, 2002.
Notice is hereby given to the public in general and in particular to the borrower(s) and guarantor(s) that the below described immovable property mortgaged / charged to the secured creditor, the Physical Possession of which have been taken by the authorized officer of Central Bank of India, (Secured creditors), will be sold on 'As is where is", "As is what is" and "whatever is there is" basis on **31.07.2025** for recovery of dues to the secured creditors from Borrower(s) and Guarantor(s). The Reserve Price and earnest money deposit is displayed against the details of respective properties.

DESCRIPTION OF IMMOVABLE PROPERTIES

Sr. No.	Name of Branch & contact of BM/ Authorised Officer	Name of Borrower/s / Owners and Guarantor/s	Description of immovable properties	Demand Notice Date & Due Amount	Reserve Price / EMD / Bid Increase amount
1	**FATEHGANJ Branch Head/ Authorised Officer -Mr Krishan Dalal Mobile No. 8980015767**	Borrower- **Mrs.Sejalben Satishbhai Patel & Mr. Satishbhai Jitubhai Patel A/c No-5181307926 Sanction Amount Rs-30.00 Lakh**	Non-Agricultural Land R.S.NO.250 PAIKI-2, 250 PAIKI-3, T.P.NO.29, F.P.NO.135, Land Admeasuring 5528sq.Mtr., Paiki Southern Side Land Admeasuring 4441.80 sq.mtr., Paiki Land Admeasuring 4349.82 sq.mtr. Situated At Mouje-Manjalpur In The Registration District Vadodara, Sub-District Vadodara, On The Scheme Namely "5TH Avenue" Is Organized And In The Said Scheme , Flat No.D3-502 On Fifth Floor In Tower-D3 Having Super Built-Up Area 850 sq.feet, Along With Undivided Common Use Of Land And Common Plot Admeasuring 5.28 sq.mtr. The Property in the name of Mr. Patel Satishbhai Jitubhai. That Said Flat Is Bounded As Under : East - Internal Road & Tower -C, West- Stairs Passage & Flat No.D2-503, North- Tower D3-Flat No.501, South- Compound Wall.	**02/04/2024 Rs. 30,89,672.00 + interest & other charge thereon.**	**Reserve Price Rs. 27,20,000/- EMD Rs. 2,72,000/- Bid Increase Amount Rs. 20,000/-**
2	**FATEHGANJ Branch Head/ Authorised Officer -Mr Krishan Dalal Mobile No. 8980015767**	Borrower- **Mrs.Sejalben Satishbhai Patel & Mr. Satishbhai Jitubhai Patel A/c No-5181301130 Sanction Amount Rs-30.00 Lakh**	Non-Agricultural Land R.S.NO.250 PAIKI-2, 250 PAIKI-3, T.P.NO.29, F.P.NO.135, Land Admeasuring 5528 sq.mtr., Paiki Southern Side Land Admeasuring 4441.80 sq.mtr., Paiki Land Admeasuring 4349.82 sq. mtr., Situated At Mouje-Manjalpur In The Registration District Vadodara, Sub-District Vadodara, On The Scheme Namely "5TH Avenue" Is Organized And In The Said Scheme ,Flat No.D3-501 On Fifth Floor In Tower-D3 Having Super Built-Up Area 850 sq. feet, Along With Undivided Common Use Of Land And Common Plot Admeasuring 5.28 sq.mtr. The Property in the name of Mr. Patel Satishbhai Jitubhai. That Said Flat Is Bounded As Under: East -Internal Road & Tower C, West- Lift & Tower -D3, Flat No.504, North- Tower D2-Flat No.502, South- Tower D3-Flat No.502.	**02/04/2024 Rs. 30,89,318.00 + interest & other charge thereon.**	**Reserve Price Rs. 27,20,000/- EMD Rs. 2,72,000/- Bid Increase Amount Rs. 20,000/-**
3	**FATEHGANJ Branch Head/ Authorised Officer -Mr Krishan Dalal Mobile No. 8980015767**	Borrower- **Mrs. Roshani Abhishek Joshi A/c No-5213986346 Sanction Amount Rs-30.00 Lakh**	The Non-Agricultural Land R.S.NO.250 PAIKI-2, 250 PAIKI-3, T.P.NO.29, F.P.NO.135, Land Admeasuring 5528 sq.mtr., Paiki Southern Side Land Admeasuring 4441.80 sq.mtr., Paiki Land Admeasuring 4349.82 sq. mtr., Situated At Mouje-Manjalpur In The Registration District Vadodara, Sub-District Vadodara, On The Scheme Namely "5TH Avenue" Is Organized and In The Said Scheme ,Flat No. 203 On Second Floor In Tower-D3 Having Super Built-Up Area 850 sq. feet, Along With Undivided Common road & Common Plot area 5.28 sq.mtr. The Property in the name of Mrs. Joshi Roshani Abhishek. That Said Flat Is Bounded As Under: East -Stair Passage & Tower D3 Flat No. 202, West- Compound Wall, North- Tower D3 & Flat No.204, South-Compound Wall.	**30/09/2024 Rs. 31,57,872.89 + interest & other charge thereon.**	**Reserve Price Rs. 27,20,000/- EMD Rs. 2,72,000/- Bid Increase Amount Rs. 20,000/-**

- E Auction Date **31/07/2025, Time 12.00 Noon to 6.00 PM** with Auto Extension of 10 Minutes.
- The Auction will be conducted through the bank's Approved service provider **"URL: https://ebkray.in "**

1) Property Inspection Date & Timing: **21/07/2025** between **10.00 am to 3.00 pm**
2) Bidder will register on website and Upload KYC documents and after verification of KYC Documents by the Service provider, EMD to be deposited in Global EMD wallet through NEFT/RTGS/TRANSFER (after generation of Challan).
The interested bidders who require assistance in creating Login ID & Password, uploading data, submitting bid, may contact to **https://ebkray.in** Helpdesk Number **8291220220** or go to Help section (User Manual).
The Auction Sale is conducted on "As is where is, As is what is and whatever there is" Basis. Bank is not aware of any pending charges, taxes, etc. Purchasers are bound to verify the same and, if any, have to bear the same.

Statutory 15 days sale notice under Rule 8(6) of SARFAESI Act 2002

Borrower/Guarantors/Mortgagor are hereby Notified for sale of immovable/movable secured asset towards realization of outstanding dues of Secured Creditor.
Date: 11.07.2025 **Authorised Officer, Regional Office,**
Place: Vadodara **Central Bank of India, VADODARA.**

નિરાશ થઈને બંધ કરાવા લાગ્યા ડીમેટ એકાઉન્ટ

શેરબજારમાં થઈ રહેલા નુકસાનથી થાક્યા રોકાણકારો

મુંબઈ, તા.૧૦

૨૦૨૫ના પહેલા છ મહિનામાં શેરબજારમાંથી સારું રિટર્ન મળવા છતાં દેશની ચાર મોટી બ્રોકિંગ કંપનીઓએ લગભગ ૨૦ લાખ એક્ટિવ રોકાણકારો (ઈનવેસ્ટર્સ) ગુમાવ્યા છે. આનો અર્થ એ છે કે રોકાણકારો અને ટ્રેડર્સનો શેરબજારમાં વિશ્વાસ ઘટ્યો છે. રોકાણકારો ગુમાવનારી કંપનીઓમાં ગ્રો, ઝેરોધા, એન્જલ વન અને અપસ્ટોક્સનો સમાવેશ થાય છે. એકલા જૂન મહિનામાં જ આ ચારેય

દેશની ચાર મોટી બ્રોકિંગ કંપનીઓએ લગભગ ૨૦ લાખ એક્ટિવ રોકાણકારો (ઈનવેસ્ટર્સ) ગુમાવી દીધા છે

કંપનીઓએ મળીને લગભગ ૬ લાખ એક્ટિવ ગ્રાહકો ગુમાવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૫થી અત્યાર સુધી ગ્રોએ ૬ લાખ, ઝેરોધાએ ૫.૫ લાખ, એન્જલ વને ૪.૫ લાખ અને અપસ્ટોક્સે ૩ લાખથી વધુ એક્ટિવ રોકાણકારો ગુમાવ્યા છે.

સૌથી મોટું કારણ છે F&O (ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ) ટ્રેડિંગમાં રોકાણકારોનો રસ ઘટવો. SEBI દ્વારા ગયા વર્ષે લાગુ કરવામાં આવેલા કડક નિયમોના કારણે રિટેલ રોકાણકારો માટે આ સેગમેન્ટમાં ટ્રેડિંગ કરવું મુશ્કેલ બન્યું છે. હવે કડક માર્જિન રિક્વાયરમેન્ટ્સ, વીકલી એક્સપાયરી ઓછી થવી, કેપિટલ લિમિટ વધવી અને ટેક્સેશન વધવાને કારણે ડેરિવેટિવ ટ્રેડિંગ (પુટ-કોલ)માં લોકોની રુચિ ઘટી રહી છે.

મનીકંટ્રોલે એક્સિસ સિક્યોરિટીઝના રાજેશ પાલવિયાના હવાલેથી જણાવ્યું કે, SEBIના કડક F&O નિયમો અને જાગૃતિ વધવાને કારણે રિટેલ રોકાણકારો હવે આ હાઈ-રિસ્કવાળા ટ્રેડિંગથી દૂર થઈ રહ્યા છે. ૨૦૨૩ અને ૨૦૨૪ની તેજીમાં ડિસ્કાઉન્ટ બ્રોકિંગ પ્લેટફોર્મ્સ પર ટિયર ૨, ૩ અને ૪ શહેરોમાંથી મોટી સંખ્યામાં ટ્રેડર્સ આવ્યા હતા, પરંતુ છેલ્લા ૬ મહિનામાં માર્કેટ કરેક્શન અને વોલટિલિટીને કારણે સતત નફો કમાવવો મુશ્કેલ બન્યો છે.

રિસર્ચ સપોર્ટ અને માર્ગદર્શનની અછતને કારણે ઘણા રોકાણકારો નુકસાન સહન કર્યા બાદ પ્લેટફોર્મ છોડીને ચાલ્યા ગયા છે. એટલે કે તેઓએ એકાઉન્ટ ડિલીટ કરી નાખ્યાં છે.

ઝારખંડની રાજધાની રાંચીમાં મળેલી ૨૭મી ઈસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠકમાં ઉપસ્થિત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન કલાકૃતિ સ્મૃતિ ભેટ એનાયત કરી અભિવાદન કરી રહ્યા છે.

એલપીજી વેચાણમાં રૂ.૩૦ હજાર કરોડની ખોટ!: સરકાર ભરપાઈ કરશે

નવી દિલ્હી તા.૧૦

દેશમાં ઓઈલ માર્કેટીંગ કંપનીઓ જે એલપીજી સીલીન્ડરનું વિતરણ કરે છે તેમાં સરકાર હાલ કોઈ સબસીડી આપતી નથી પરંતુ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ગેસના ભાવમાં થયેલા વધારાને કારણે હવે સરકાર લીકવીડ પેટ્રોલીયમ ગેસ (એલપીજી) તરીકે ઓળખાતા આ પેટ્રોલિયમ પેદાશોના વેચાણમાં ઓઈલ માર્કેટીંગ કંપનીઓને જે કાંઈ ખોટ જાય તેની ભરપાઈ કરવા વિચારણા કરી રહી છે અને તેના કારણે એલપીજીના ભાવ ગ્રાહકો માટે ન વધે તે નિશ્ચિત કરવા માંગે છે. સુત્રોના જણાવ્યા મુજબ સરકાર એકસાઈઝમાં ઘટાડો કરી શકે છે પરંતુ તેનો લાભ ગ્રાહકોને નહી ઓઈલ માર્કેટીંગ કંપનીઓને મળે તે નિશ્ચિત કરશે. આ અંગેનો નિર્ણય આખરી તબકકામાં છે. એપ્રિલ-ડિસેમ્બરના ગાળામાં ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ એલપીજી વેચાણમાં રૂ.૩૦ હજાર કરોડની અંડર રીકવરી એટલે કે ખોટ કરી હતી અને સરકાર માટે તે ભરપાઈ કરવી જરૂરી બની ગઈ છે.

આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું

મોરોપંત પિંગલેએ ૭૫ વર્ષ પછી નિવૃત્તિ લેવાનું શીખવ્યું હતું

નાગપુર, તા.૧૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે નાગપુરના વનમતી હોલમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે ૭૫ વર્ષ પછી વ્યક્તિએ બીજાને તક આપવી જોઈએ.

૭૫ વર્ષ પછી વ્યક્તિએ બીજાને તક આપવી જોઈએ

સંઘના વરિષ્ઠ અધિકારી મોરોપંત પિંગલેના જીવન પર આધારિત એક અંગ્રેજી પુસ્તકના વિમોચન સમારોહમાં સરસંઘચાલક મોરોપંત પિંગલેને યાદ કર્યા. આ પ્રસંગે તેમણે કહ્યું કે વૃંદાવનમાં યોજાયેલી સંઘની એક બેઠકમાં મોરોપંત પિંગલેને તેમના ૭૫ વર્ષના થવા પર સન્માનિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે સમયે, તત્કાલીન સરકાર્યવાહ શેષાદ્રીએ પણ મોરોપંતને શાલ પહેરાવીને સન્માનિત કર્યા હતા. તે સમયે મોરોપંતે કહ્યું હતું કે હું ૭૫નો અર્થ સમજું છું. મોરોપંતને યાદ કરતા મોહન ભાગવતે કહ્યું કે આ તેમનો એક ઉપદેશ છે. મોરોપંત પિંગલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં કોઈપણ પ્રચાર વિના કામ કરવાનું અને ૭૫ વર્ષ પછી નિવૃત્તિ લેવાનું શીખવ્યું હતું. કટોકટી પછીના રાજકીય પરિવર્તન દરમિયાન આરએસએસના વડાએ

પિંગલેની આગાહીઓનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે જ્યારે ચૂંટણીઓની ચર્ચા થઈ ત્યારે મોરોપંતે કહ્યું હતું કે જો બધા વિપક્ષી પક્ષો એક સાથે આવે તો તેઓ લગભગ ૨૭૬ બેઠકો જીતશે અને જ્યારે પરિણામો આવ્યા ત્યારે ફક્ત ૨૭૬ બેઠકો જીતી શક્યા. ભાગવતે કહ્યું કે જ્યારે પરિણામો જાહેર થયા ત્યારે મોરોપંત સતારા જિલ્લાના સજ્જનગઢ કિલ્લામાં હતા, જ્યાં તેઓ આ બધી ચર્ચાઓથી દૂર હતા.

ભાગવતે કહ્યું કે મોરોપંતે રામ જન્મભૂમિ ચળવળમાં પણ અશોક સિંઘલને આગળ રાખ્યા. તેઓ પોતે ક્યારેય આગળ વધ્યા નહીં. તેમણે પોતાના આચરણ દ્વારા ખ્યાતિથી દૂર રહીને કામ કરવાનો દાખલો બેસાડ્યો. તેમણે બાળપણથી જ આત્મબલિદાનની કઠિન સાધના કરી હતી. તેઓ સંઘ પ્રત્યે ખૂબ સમર્પિત હતા, પરંતુ તેમને એવું નહોતું લાગતું કે તેઓ આવા કામ કરશે.

આંધ્રપ્રદેશમાં ઈલુરુમાં જિલ્લાનાં સોચવરસ ગામમાં એક ચેટ્રેસીસ (ગરદલા) ફેકટરીમાં શોર્ટ સર્કિટના કારણે લાગેલી ભીષણ આગ વખતે ફેકટરીમાં કામ કરી રહ્યા કામદારો તાત્કાલિક બહાર નિકળી જતા જાનહાની ટળી છે. આગગ્રસ્ત ફેકટરીમાંથી ધુમાડો નિકળતા દેશ્યમાન થાય છે.

બિહારમાં કોંગ્રેસ કાર્યાલયમાં મારામારી

કોંગ્રેસની બેઠક અને સ્વાગત સમારોહ કાર્યાલયમાં હોબાળો

ભોજપુર, તા.૧૦

ગુરુવારે બિહારના ભોજપુર જિલ્લાના આરામાં કોંગ્રેસની મહત્ત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠક અને સ્વાગત સમારોહ કાર્યાલયમાં ભારે હોબાળો થયો હતો. આ દરમિયાન, પાર્ટીના બે જૂથો એકબીજા સાથે અથડાયા હતા. બંને જૂથો વચ્ચે મારામારી થઈ હતી. વાસ્તવમાં, આ સમગ્ર ઘટના અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સચિવ અને બિહાર પ્રદેશ કોંગ્રેસ સમિતિના સહ-પ્રભારી અને છત્તીસગઢના ભિલાઈ વિધાનસભાના ધારાસભ્ય દેવેન્દ્ર યાદવના સ્વાગત સમારોહ દરમિયાન બની હતી.

કાર્યકર્તાઓ લોહીલુહાણ, પૂર્વ MLC અજયસિંહ ઈજાગ્રસ્ત

વીડિયોમાં કાર્યકર્તાઓ વચ્ચેની મારપીટ સ્પષ્ટપણે જોઈ શકાય છે, જ્યારે કેટલાક લોકો તેમને ખેંચતા જોવા મળે છે. કોંગ્રેસના કાર્યકરો વચ્ચેના વિવાદ અને લડાઈનો આ વીડિયો ચોંકાવનારો છે. લોકો એકબીજાના કપડાં ખેંચતા જોવા મળી રહ્યા છે. આ પરસ્પર લડાઈમાં ભૂતપૂર્વ MLC અજય સિંહના જૂથના એક ૪૧ વર્ષીય કાર્યકર સુનીલ કુમાર સિંહને માથામાં વાગ્યું હતું. સુનીલ કોંગ્રેસના વરિષ્ઠ કાર્યકર છે.

મારપીટ દરમિયાન કેટલાક લોકોએ સુનીલ કુમારના માથા પર ઈંટથી હુમલો કર્યો. ફેક્ચરને કારણે તેમના માથામાં છ ટાંકા આવ્યા. કોંગ્રેસના કાર્યકરોએ તેમને ઘાયલ હાલતમાં સદર હોસ્પિટલમાં દાખલ કર્યા.

ઘાયલ સુનીલ કુમારે જણાવ્યું કે તેઓ ભિલાઈના ધારાસભ્ય દેવેન્દ્ર યાદવને જોવા અને સાંભળવા માટે કોંગ્રેસ કાર્યાલય પહોંચ્યા હતા. દેવેન્દ્રના આગમન પછી, અહીં ઝિંદાબાદના નારા લગાવવામાં આવી રહ્યા હતા. નવાદા પોલીસ સ્ટેશનના પ્રભારી વિપિન બિહારીએ જણાવ્યું હતું કે સૂત્રોચ્ચાર દરમિયાન થયેલા વિવાદને કારણે આ લડાઈ થઈ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

અરુણાચલ પ્રદેશના સીએમનું મોટું નિવેદન

ભારતની સરહદ ચીન સાથે નહીં પણ તિબેટ સાથે છે

ઈટાનગર, તા.૧૦

નેરેટિવ સેટ કરવાના ખેલમાં અરુણાચલ પ્રદેશના ઝસ પેમા ખાંડૂએ ચીનને તેની જ સ્ટાઈલમાં જવાબ આપ્યો છે. પેમા ખાંડૂએ ગુરુવારે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, અરુણાચલ પ્રદેશની સરહદ ચીન સાથે નથી લાગતી તિબેટ સાથે લાગે છે.

અરુણાચલના મુખ્યમંત્રી પેમા ખાંડૂએ આ નિવેદન ત્યારે આપ્યું છે જ્યારે દલાઈ લામાના બહાને તિબેટ ચર્ચામાં છે

પહેલી નજરે તેનું નિવેદન વિચિત્ર અને ખોટું લાગી શકે છે કારણ કે, શરુઆતથી જ આપણને કહેવામાં આવ્યું છે કે, પૂર્વદિશામાં ભારતની લગભગ ૧૨૦૦ કિલોમીટરની સરહદ ચીન સાથે લાગે છે પરંતુ આ તથ્યને અરુણાચલ પ્રદેશના સીએમ પેમા ખાંડૂએ ડિપ્લોમેટિક ટ્વિસ્ટ આપી દીધો છે. પેમા ખાંડૂએ કહ્યું કે, ભારતનું અરુણાચલ પ્રદેશ રાજ્ય ચીન સાથે નહીં પરંતુ તિબેટ સાથે ૧૨૦૦ કિલોમીટરની સરહદ ધરાવે છે.

મુખ્યમંત્રી પેમા ખાંડૂએ આ નિવેદન ત્યારે આપ્યું છે જ્યારે દલાઈ લામાના બહાને તિબેટ ચર્ચામાં છે. આ ઉપરાંત ચીન ઘણીવાર અરુણાચલ પ્રદેશ પર પોતાનો ગેરકાયદેસર અને પાયાવિહોણો દાવો કરતું આવ્યું છે. આ દાવાની પુષ્ટિ માટે ચીન એકપક્ષીય રીતે આ પ્રદેશના ઘણા વિસ્તારોના નામ બદલતું રહે છે.

ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે તેમને જણાવવામાં આવ્યું કે, અરુણાચલ પ્રદેશની ૧૨૦૦ કિલોમીટરની સરહદ ચીન સાથે લાગે છે ત્યારે તરત જ તેમને અટકાવતા કહ્યું કે, હું તમારી ભૂલ સુધારી દઉં છું, અમારી સરહદ તિબેટ સાથે છે ચીન સાથે નહીં.

ફલેટમાં ડ્રગ્સ બનાવવાનો ધંધો ચલાવતા હતા

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ બે મિત્રોની ધરપકડ કરી

શ્રીગંગાનગર, તા.૧૦

રાજસ્થાનમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ એક સનસનીખેજ કાર્યવાહી કરતા બે મિત્રોની ધરપકડ કરી છે, જે પોતાના ફલેટમાં ડ્રગ્સ બનાવવાનો ધંધો ચલાવતા હતા.

બંનેએ બે એપાર્ટમેન્ટમાં ૧૦,૦૦૦ રૂપિયા માસિક ભાડા પર એક ફલેટ લીધો અને તેને ડ્રગ્સ બનાવવાની ગુપ્ત લેબ બનાવી

નવાઈની વાત એ છે કે, બંને વ્યવસાયે ટીચર છે. એક ૩૫ વર્ષિય કેમિસ્ટ્રી ટીચર, જે ખાનગી સ્કૂલમાં ભણાવે છે અને બીજો ૨૫ વર્ષિય સાયન્સ ટીચર, જે સરકારી સ્કૂલમાં ભણાવતો હતો. આ બંનેએ બે મહિના પહેલા રિદ્ધિ સિદ્ધિ એક્લેવના ડ્રીમ હોમ્સ એપાર્ટમેન્ટમાં ૧૦,૦૦૦ રૂપિયા માસિક ભાડા પર એક ફલેટ લીધો અને તેને ડ્રગ્સ બનાવવાની ગુપ્ત લેબ બનાવી દીધી.

૮ જુલાઈની સવારે NCBની ટીમે આ ફલેટ પર દરોડા પાડ્યા અને લગભગ ૭૮૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કર્યું. તેની સાથે જ ડ્રગ્સ બનાવવામાં ઉપયોગમાં લેવાતા રસાયણો જેવા કે એસીટોન, બેન્ઝીન, સોડિયમ હાઈડ્રોજન કાર્બોનેટ, બ્રોમીન, મિથાઈલમાઈન, આઈસોપ્રોપિલ આલ્કોહોલ, ૪-મિથાઈલ પ્રોપિયોફેનોન અને એન-મિથાઈનલ-૨-પાયરોલિડોન જપ્ત કર્યું છે. પોલીસે લેબના સાધનો પણ જપ્ત કર્યા છે, જે ડ્રગ્સ ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાઈ રહ્યા હતા.

NCBના ડેપ્યુટી ડાયરેક્ટર નીરજ ગુપ્તાએ જણાવ્યું કે, આ સેટઅપ ખૂબ જ વ્યવસ્થિત બનાવ્યું હતું અને બંને મિત્રોએ પોતાના વૈજ્ઞાનિક જ્ઞાનનો દુરુપયોગ કરી મેફેડ્રોન જેવા ખતરનાક સિંથેટિક ડ્રગનું ઉત્પાદન શરૂ કર્યું હતું. NCBને ગુપ્ત સૂચના મળી હતી કે શ્રીગંગાનગરના એક ફલેટમાં ડ્રગ્સનું ગેરકાયદેસર રીતે ઉત્પાદન થઈ રહ્યું છે.

તેના આધાર પર ટીમે ફલેટ પર નજર રાખવાનું શરૂ કરી દીધું અને સટીક જાણકારી એકઠી કર્યા બાદ દરોડા પાડ્યા.

જાહેર નોટીસ

અમો લલીબેન વાઘુભાઈ દેસાઈ, હાલ રહે. ડી/૫૦૪, હાર્ટ વિલા, શાયોના ગ્રીનની સામે, ગોતા, ચાંદલોડિયા, અમદાવાદ આથી જાહેર જનતા જોગ જાણ કરીએ છીએ કે મારો પુત્ર દેસાઈ આનંદ વાઘુભાઈ (ગામ-ભાટસર) ઘણાં સમયથી મારા કહ્યામાં રહ્યા નથી, જેથી આજરોજ આ જાહેર નોટીસ દ્વારા તેમને મારી તમામ મિલકતમાંથી બરતરફ કરીએ છીએ અને આમને મારા પરિવારથી કોઈપણ સંબંધ કે વ્યવહાર રહેતો નથી. જે જાહેર જનતાને જણાવીએ છીએ કે મારા પુત્ર દેસાઈ આનંદ વાઘુભાઈ સાથે કોઈપણ પ્રકારે નાણાંકિય, સામાજિક કે અન્ય કોઈપણ વ્યવહારો કરવા નહિં, તેમ છતાં જે કોઈ વ્યક્તિ આવા વ્યવહારો કરતા જણાશે તો તેની સંપુર્ણ જવાબદારી તેમની પોતાની રહેશે, અમારી કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહિં જેની નોંધ લેવી.

તારીખ : ૧૦.૦૭.૨૦૨૫ સ્થળ : અમદાવાદ

અશોક આર. યાદવ (એડવોકેટ)
નં. ૩૬, પહેલો માળ, દેવનંદન કોમ્પલેક્ષ, ચાણક્યપુરી ફ્લાયઓવરની પાસે, સ્ટેટ બેંકની પાસે, ચાણક્યપુરી, અમદાવાદ-૬૧. મો. ૯૮૭૯૪૬૪૦૩૭

ICICI Bank | શાખા ઓફિસ: આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, હેરિટેજ ચેમ્બર્સ, ૨જે માળે, આઝાદ સોસાયટી ચાર રસ્તા પાસે, નહેરુનગર, અમદાવાદ-૩૮૦૦૧૫

જાહેર નોટિસ - સિક્યોર્ડ અસ્ક્યામતના વેચાણ માટે ટેન્ડર કમ ઈ-હરાજી
(જુઓ નિયમ ૮(૬)ની જોગવાઈ)
સ્થાવર અસ્ક્યામત(તો)ના વેચાણ માટે નોટિસ

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટની જોગવાઈ હેઠળ સ્થાવર સંપત્તિ/સંપત્તિઓના વેચાણ માટેની આ ઈ-હરાજીની નોટિસ આઈસીઆઈસીઆઈ બેંક લિ. (દિવાન હાઉસિંગ ફાયનાન્સ લિ.(ડીએચએફએલ) દ્વારા આઈસીઆઈસીઆઈ બેંકને સોંપવામાં આવેલ અંતર્ગત કુલ પ્રમાણે) ડીએચએફએલ અને નીચેના ઉધાર લેનાર/ઓ, સહઉધાર લેનાર/ઓ, બાંહેધરી આપનાર/ઓ વચ્ચે થયેલા ધિરાણ કરાર અનુસંધાનમાં આપવામાં આવેલી હાઉસિંગ લોનની સુવિધાના સંદર્ભમાં અને સુરક્ષાના અમલીકરણના સંબંધમાં સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે જાહેર કરવામાં આવી છે.
આથી જાહેર જનતાને તથા ઉધાર લેનાર/ઓ, સહઉધાર લેનાર/ઓ, બાંહેધરી આપનાર/ઓને ચેતવણી નોટિસ આપવામાં આવે છે કે મળેલ સત્તાની રૂએ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડની બાકી માટે નીચે જણાવેલ સત્તાવાર મિલકતનો અધિકૃત અધિકારી દ્વારા ભૌતિક કબજો લેવામાં આવેલ છે. અને નીચે આપેલ સંચિત વિગતો મુજબ જ્યાં છે, જેમ છે, ના આધારે વેચવામાં આવશે.

નં.	દેવાદાર(રો)/સહ-દેવાદારો/ જામીનદાર (રો)નાં નામ લોન એકાઉન્ટ નં.	ટાંચમાં લીધેલ મિલકતની વિગત	બાકી રકમ	અનામત કિંમત / જમા કરવાની બાનાની રકમ	મિલકતના નિરીક્ષણનાં તારીખ અને સમય	ઈ-હરાજીના તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧	રાજબહાદુર રામશય રાઠોર (દેવાદાર)/ ભૂરીદેવી રાજબહાદુર રાઠોડ(સહ-દેવાદાર) ખાતા નં. QZABD00005064380.	ફ્લેટ નં. ડી/૧૦૭, ભોંયતળિયે, સોના આકૃતિ, પ્રમુખ પાર્ક પાસે, ગેરતપુર રેલવે ક્રોસિંગ પાસે, ગેરતપુર, અમદાવાદ, ગુજરાત- ૩૮૨૪૩૫. ક્ષેત્રફળ સુપર બિલ્ટ અપ એરિયા ૬૫ ચો. વાર- ફ્રી હોલ્ડ મિલકત	રૂ. ૧૩,૦૭,૫૦૩/- (૦૭ જુલાઈ, ૨૦૨૫ના રોજ)	રૂ. ૪,૦૦,૦૦૦/- / રૂ.૪૦,૦૦૦/-	૨૪ જુલાઈ, ૨૦૨૫ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ સુધી	૫ ઓગસ્ટ, ૨૦૨૫ સવારે ૧૧:૦૦ થી

હરાજી એજન્સી મે. નેક્સક્સેન સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડની વેબસાઈટ (URL Link https://disposalhub.com) પર યોજાશે. આ નોટિસના પ્રાપ્તકર્તાઓને તમામ રકમ આગળના વ્યાજ સાથે એક છેલ્લી તક તા.૪ ઓગસ્ટ, ૨૦૨૫ના બપોરના ૦૪.૩૦ પહેલા ચૂકવી દેવાની આપવામાં આવે છે, જેમાં કસૂર થયેથી સિક્યોર્ડ અસ્ક્યામત/ અસ્ક્યામતો સમયપત્રક મુજબ વેચવામાં આવશે.

ઈચ્છુક બીડર/બીડરોએ અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી)નો ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) (કોલમ ઈ મુજબ) આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, હેરિટેજ ચેમ્બર્સ, ૨જે માળે, આઝાદ સોસાયટી ચાર રસ્તા પાસે, નહેરુનગર, અમદાવાદ-૩૮૦૦૧૫ ખાતે તા.૪ ઓગસ્ટ, ૨૦૨૫ના બપોરના ૦૪.૩૦ સુધી જમા કરાવવાના રહેશે. તે પછી તે/તેણી/તેઓ ઉપર જણાવેલ વેબસાઈટ દ્વારા ઓફર/ઓફરો તા.૪ ઓગસ્ટ, ૨૦૨૫ના સાંજના ૦૫.૦૦ સુધી ઈએમડી ચૂકવણીના પુરાવા તરીકે બેંકે સ્વીકારેલ ડીડીની સ્કેન્ડ કોપી સાથે જમા કરાવવાના રહેશે. જો ઈચ્છુક બીડર/બીડરો વેબસાઈટ દ્વારા ઓફર/ઓફરો જમા ન કરાવી શકે તેવા કિસ્સામાં ટેન્ડર દસ્તાવેજોની સહી કરેલી કોપી આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, હેરિટેજ ચેમ્બર્સ, ૨જે માળે, આઝાદ સોસાયટી ચાર રસ્તા પાસે, નહેરુનગર, અમદાવાદ-૩૮૦૦૧૫ ખાતે તા.૪ ઓગસ્ટ, ૨૦૨૫ના સાંજના ૦૫.૦૦ સુધી જમા કરાવવાની રહેશે. અર્નેસ્ટ મની ડિપોઝીટનો ડીડી/પીઓ નેશનલાઈઝ્ડ/ શિડ્યૂલ્ડ બેંકમાંથી જ અમદાવાદ ખાતે ચૂકવવાપાત્ર 'આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ'ની તરફેણમાં કઢાવવાનો રહેશે.

નિરીક્ષણ, ઈ-હરાજીના નિયમો અને શરતો અથવા ટેન્ડર્સ જમા કરાવવા અંગેની વધુ સ્પષ્ટતા માટે આઈસીઆઈસીઆઈ બેંક કર્મચારીનો ફોન નં. ૭૫૭૩૦૨૪૨૯૭ પર સંપર્ક કરવો.

મહેરબાની કરી નોંધ લેશો કે માર્કેટિંગ એજન્સીઓ ૧. વેલ્યુ ટ્રસ્ટ કેપિટલ સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ, ૨. ઓજીયો એસેટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ, ૩. ગિરનાર સોફ્ટ પ્રા.લિ., ૪. હેક્ટા પ્રોપ ટેક પ્રા.લિ. પણ વેચાણ માટે લગાડવામાં આવેલ છે.

અધિકૃત અધિકારી કોઈ પણ કે તમામ બીડ્સ કોઈ પણ કારણ આપ્યા વિના અસ્વીકાર કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે. વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે મહેરબાની કરી જુઓ: www.icicibank.com/n4p4s.

તારીખ: ૧૧ જુલાઈ, ૨૦૨૫ — અધિકૃત અધિકારી
સ્થળ: અમદાવાદ — આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

AGL એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડ
CIN : L17110GJ1995PLC027025
Premium ka Pappa
રજીસ્ટર્ડ ઓફિસ: ૨૦૨, દેવ આર્ક, ઈસ્કોન મંદિરની સામે, એસ.જી. હાઈવે, અમદાવાદ- ૩૮૦૦૧૫
ટેલિ: ૯૧-૭૯-૬૬૧૨૫૫૦૦/૬૯૮; ફેક્સ : ૯૧-૭૯-૬૬૧૨૫૬૦૦/૬૬૦૫૮૬૭૨
Email: info@aglasiangranito.com Website : www.aglasiangranito.com

નોટિસ

આ નોટિસ કંપનીઝ એક્ટ ૨૦૧૩ ("એક્ટ") ની કલમ ૧૨૪ (૬) ને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડિટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬, ("રૂલ્સ")માં વખતોવખત કરાયેલા સુધારા સાથે વંચાણે લીધા મુજબ પ્રસિધ્ધ કરવામાં આવી રહી છે. તે કંપનીના ઈક્વિટી શેર્સ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ("આઈઈપીએફ") ઓથોરિટીના ડીમેટ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા સબંધી છે. આ શેર્સ એવા શેરહોલ્ડર્સના છે, જેમણે સતત છેલ્લા સાત વર્ષ અથવા તેથી વધુના સમયગાળા માટે પોતાનું ડિવિડન્ડ કલેઈમ કર્યુ નથી.
કંપનીએ સંબંધિત શેરહોલ્ડર્સને કંપની પાસે નોંધાયેલા હોય તેવા તેમના સરનામે એ મતલબનો સ્પષ્ટ પત્ર પણ મોકલ્યો છે, જેમાં આઈઈપીએફને ટ્રાન્સફર કરવામાં આવી રહેલા તેમના શેર્સની વિગતો આપવામાં આવી છે. વધુમાં સંબંધિત શેર હોલ્ડર્સના નામ, તેમના ફોલિયો નંબર અથવા ડીપી આઈડી - ક્લાયન્ટ આઈડી કંપનીની વેબસાઈટ www.aglasiangranito.com ઉપર ઉપલબ્ધ છે.
સંબંધિત શેરહોલ્ડર્સને વિનંતી કરવામાં આવે છે કે તેમને કલેઈમ નહી કરેલા ડિવિડન્ડનો કલેઈમ તેઓ તુરત જ એક અરજી કરીને તેમની સાથે પત્રમાં ઉલ્લેખિત જરૂરી દસ્તાવેજો સાથે રજૂ કરી કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટને નીચે દર્શાવેલા સરનામે મોકલી આપે. એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, પાંચમો માળ, ૫૦૬ થી ૫૦૮, અમરનાથ બિઝનેશ સેન્ટર - ૧, (ABC-1) ગાલા બિઝનેસ સેન્ટરની બાજુમાં, સેન્ટર ઝેવિયર્સ કોલેજ કોર્નર પાસે, ઑફ સીજી રોડ, એલિસબ્રિજ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૬. ટેલિફોન નં. ૦૭૯ ૨૬૪૬૫૧૭૯.
E-mail: ahmedabad@in.mpms.mufg.com, Website: www.in.mpms.mufg.com.
સંબંધિત શેરહોલ્ડર્સને એવી પણ વિનંતી કરવામાં આવે છે કે શેર્સના ટ્રાન્સફર અથવા ડિવિડન્ડ તથા શેર્સ નિયુક્ત તારીખ સુધી નિયત કરાયેલા પ્રોસિજર્સ પ્રમાણે આઈઈપીએફ માં કોર્ટ/વિધાનિક સત્તા પાસેથી મેળવવામાં આવ્યા હોય તો તેની એક નકલ સાથે કંપનીને તે બાબતે તાત્કાલિક જાણ કરવામાં આવે.
જો કંપનીને સંબંધિત શેર હોલ્ડર્સ પાસેથી ૩૧મી ઓગષ્ટ, ૨૦૨૫ સુધીમાં જણાવ્યા મુજબના સંપૂર્ણ વિગતો સાથેના ડોક્યુમેન્ટ નહી મળે તો, કંપની કલેઈમ નહી કરેલા ડિવિડન્ડ તથા શેર્સ નિયુક્ત તારીખ સુધી નિયત કરાયેલા પ્રોસિજર્સ પ્રમાણે IEPF માં ટ્રાન્સફર કરી રૂલ્સમાં આપેલી નિર્દિષ્ટ આવશ્યકતાઓનું પાલન કરશે. આ રૂલ્સ અનુસાર આઈઈપીએફ ઓથોરીટીને ટ્રાન્સફર કરાયેલા, ડિવિડન્ડ અને શેર્સ બાબતે કંપની સામે કોઈ દાવો માન્ય રહેશે નહી.
સંબંધિત શેરહોલ્ડર્સ કૃપયા એ વાતની પણ નોંધ લે કે, આ રીતે ટ્રાન્સફર થયેલા શેર્સ અને તેના ઉપરનું ડિવિડન્ડ પણ તેઓ આઈઈપીએફ પાસેથી પરત મેળવવા માટેનો દાવો કરી શકે છે. તેમ કરવા માટેની વિગતો કંપનીની વેબસાઈટ www.aglasiangranito.com તથા કોર્પોરેટ અફેર્સ મંત્રાલયની વેબસાઈટ http://iepf.gov.in પર પણ ઉપલબ્ધ છે.
વધુ માહિતી માટે, સંબંધિત શેરહોલ્ડર્સ એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ નો અથવા તો કંપનીના સેક્રેટરીયલ વિભાગનો ઉપર દર્શાવેલ સરનામે સંપર્ક કરી શકે છે.

સ્થળ: અમદાવાદ — એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડ વતી,
તારીખ: ૧૦-૦૭-૨૦૨૫ — ધૃતિ ત્રિવેદી, કંપની સેક્રેટરી

Prabha Energy Limited — પ્રભા એનર્જી લિમિટેડ CIN : L40102GJ2009PLC057716
રજિસ્ટર્ડ ઓફિસ: 12A, અભિશ્રી કોર્પોરેટ પાર્ક, આંબલી બોપલ રોડ, બોપલ, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૫૮
Ph: (02717) 488611, E-mail: cs@prabhaenergy.com, Web: www.prabhaenergy.com

16મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) માટે શેરધારકોને સૂચના અને ઇ-વોટિંગ પ્રક્રિયા અને બુક ક્લોઝર વિશેની માહિતી

1. આથી સૂચના આપવામાં આવે છે કે પ્રભા એનર્જી લિમિટેડ ("કંપની") ના સભ્યોની 16મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) શુક્રવાર, 08 ઓગષ્ટ, 2025ના રોજ સવારે 11:00 કલાકે, કંપની એક્ટ, 2013 ની લાગુ જોગવાઈઓ અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સામાન્ય પરિપત્ર નંબર 20/2020ના પાલનમાં તારીખ 5મી મે, 2020ના પરિપત્ર નંબર સાથે વાંચો 14/2020, 17/2020, 09/2023 અને 09/2024 તારીખ 8મી એપ્રિલ, 2020, 13મી એપ્રિલ, 2020, 25મી સપ્ટેમ્બર, 2023 અને 19મી સપ્ટેમ્બર, 2024 અનુક્રમે (સામૂહિક રીતે "પરિપત્રો" તરીકે ઓળખવામાં આવે છે), સામાન્ય સ્થળે સભ્યોની હાજરી વિના એજીએમ બોલાવતી નોટિસમાં નિર્ધારિત વ્યવસાયોનો વ્યવહાર કરવા માટે IST વીડિયો કોન્ફરન્સ (VC)/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા યોજાશે. કંપનીએ 31મી માર્ચ, 2025ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટેના વાર્ષિક અહેવાલ સાથે એજીએમની નોટિસ ગુરુવાર, 10મી જુલાઈ, 2025ના રોજ ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા માત્ર એવા સભ્યોને મોકલી છે કે જેમનું ઇ-મેલ એડ્રેસ કંપનીમાં અને/ અથવા ડિપોઝિટરીઝમાં નોંધાયેલ છે. જે સભ્યોના ઇ-મેલ સરનામાં નોંધાયેલા નથી, તેમને પોસ્ટ દ્વારા એક ભૌતિક પત્ર મોકલવામાં આવ્યો છે, જેમાં તેમને વિગતવાર વાર્ષિક અહેવાલ મેળવવા માટે વેબ લિંક આપવામાં આવી છે. એજીએમની નોટિસની ભૌતિક નકલો મોકલવાની જરૂરિયાત સામાન્ય સભાઓ માટેના એમસીએ પરિપત્રો અને સામાન્ય સભાઓ માટે સેબીના પરિપત્રો દ્વારા વિતરિત કરવામાં આવી છે. કોઈપણ સભ્ય, જે વાર્ષિક અહેવાલની હાર્ડ કોપી મેળવવા ઈચ્છે છે, તે તેના માટે કંપનીને પત્ર લખી શકે છે.
2. 31મી માર્ચ, 2025ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષનો વાર્ષિક અહેવાલ, અન્ય બાબતોની સાથે સાથે 16મી એજીએમ બોલાવતી નોટિસ અને સ્પષ્ટીકરણ નિવેદન પણ કંપનીની વેબસાઈટ www.prabhaenergy.com પર, સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com પર અને MUFG ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ (અગાઉ લિંક ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ) ની વેબસાઇટ www.instavote.linkintime.co.in પર પણ ઉપલબ્ધ છે. વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં ઉલ્લેખિત દસ્તાવેજો વાર્ષિક સામાન્ય સભાની સૂચનાના પ્રસારની તારીખથી સભ્યો દ્વારા નિરીક્ષણ માટે ઇલેક્ટ્રોનિક રીતે ઉપલબ્ધ છે. આવા દસ્તાવેજોનું નિરીક્ષણ કરવા માંગતા સભ્યો cs@prabhaenergy.com પર ઇમેઇલ મોકલી શકે છે.
3. કંપની અધિનિયમ, 2013 ની કલમ 108 ના પાલનમાં કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, 2014 ના નિયમ 20 અને સેબી (LODR) રેગ્યુલેશન્સ, 2015 ના નિયમન 44 સાથે વાંચવામાં આવે છે, સભ્યોને ઇલેક્ટ્રોનિકનો ઉપયોગ કરીને એજીએમની સૂચનામાં નિર્ધારિત તમામ ઠરાવો પર એમયુએફજી ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા પ્રદાન કરવામાં આવેલ મતદાન પ્રણાલી અનુસાર તેમની મત કાસ્ટ કરવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે.
4. રિમોટ ઇ-વોટિંગનો સમયગાળો સોમવાર, 04 ઓગષ્ટ, 2025ના રોજ સવારે 9:00 વાગ્યે (IST) શરૂ થશે અને ગુરુવાર, 07 ઓગષ્ટ, 2025ના રોજ સાંજે 5:00 વાગ્યે (IST) સમાપ્ત થશે. રિમોટ ઇ-વોટિંગને સાંજે 07 ઓગષ્ટ, 2025 ના 5:00 વાગ્યા પછી મંજૂરી આપવામાં આવશે નહીં. જે સભ્યો એજીએમમાં VC/OAVM સુવિધા દ્વારા હાજર રહેશે અને રિમોટ ઇ-વોટિંગ દ્વારા તેમનો મત આપ્યો ન હતો તેઓ એજીએમ દરમિયાન રિમોટ ઇ-વોટિંગ સિસ્ટમ દ્વારા મત આપવા માટે પાત્ર હશે.
5. જે સભ્યોએ એજીએમ પહેલાં રિમોટ ઇ-વોટિંગ દ્વારા તેમનો મત આપ્યો છે તેઓ પણ VC/OAVM દ્વારા એજીએમમાં હાજરી આપી શકે છે/ભાગ લઈ શકે છે પરંતુ તેઓ ફરીથી તેમનો મત આપવા માટે હકદાર નથી.
6. શનિવાર, 02 ઓગષ્ટ, 2025 થી શુક્રવાર, 08 ઓગષ્ટ, 2025 (બંને દિવસો) માટે AGMના હેતુ માટે કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ બંધ રહેશે.
7. એજીએમની નોટિસ મોકલ્યા પછી અને કટ-ઓફ તારીખ એટલે કે શુક્રવાર, 01 ઓગષ્ટ, 2025 પહેલાં જે વ્યક્તિએ શેર હસ્તગત કર્યા છે અને કંપનીના સભ્ય બન્યા છે, તે/ તેણીનો મત એજીએમની તારીખે ઈલેક્ટ્રોનિકલી એટલે કે રીમોટ ઇ-વોટિંગ અથવા ઇ-વોટિંગ સિસ્ટમની નોટિસમાં દર્શાવેલ પ્રક્રિયાને અનુસરીને તેનો મતનો ઉપયોગ કરવા માટે હકદાર રહેશે.
8. જો શેરધારકો/સભ્યોને લોગિન/ઇ-વોટિંગ અંગે કોઈ પ્રશ્નો હોય, તો તેઓ enotices@in.mpms.mufg.com પર ઈમેલ મોકલી શકે છે અથવા આના પર સંપર્ક કરી શકે છે: - ટેલિફોન: 022 - 4918 6000.
9. **ઇ-મેલ સરનામું નોંધણી/અપડેટ કરવાની રીત**
   a. ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો, જેમણે કંપની સાથે તેમનું ઇ-મેલ સરનામું રજીસ્ટર/અપડેટ કર્યું નથી, તેઓને જરૂરી સહાયક દસ્તાવેજો કંપની/રજિસ્ટ્રાર સાથે અને ટ્રાન્સફર એજન્ટ દ્વારા યોગ્ય રીતે ફાઇલ કરેલ અને સહી કરેલ ફોર્મ ISR-1 સબમિટ કરવા વિનંતી કરવામાં આવે છે લિંક ઈન્ટાઇમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, ABC-1, 506 to 508, અમરનાથ બિઝનેસ સેન્ટર, કોર્નર, ગાલા બિઝનેસ સેન્ટર પાસે, સેન્ટ ઝેવિયર્સ કોલેજ પાર્કિંગ પાસે, સરદાર પટેલ નગર, એલિસબ્રિજ, અમદાવાદ, ગુજરાત 380006 પર સબમિટ મોકલીને તમારું ઇ-મેલ સરનામું નોંધણી/અપડેટ કરો.
   b. ડીમેટ મોડમાં શેર ધરાવતા સભ્યો, જેમણે તેમનું ઇ-મેઈલ સરનામું રજીસ્ટર/અપડેટ કર્યું નથી, તેમને ડિપોઝિટરી સહભાગીઓ સાથે તેમના ઇ-મેલ સરનામાની નોંધણી/અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે જ્યાં તેઓ તેમના ડીમેટ ખાતાઓ જાળવે છે.

બોર્ડના આદેશથી
પ્રભા એનર્જી લિમિટેડ વતી
સહી/-
તારીખ : ૧૦.૦૭.૨૦૨૫ — નિકિતા અગ્રવાલા
સ્થળ : અમદાવાદ — કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર